C/105

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જલસેવા ભવન સે.૧૦-એ ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૨૩૨૫૧૦૪૮ ૯૯૭૮૪૪૧૧૦૨ ફેક્સ: (૦૭૯) ૨૩૨૨૫૯૭૯
Website: www.gwssb.gujarat.gov.in E-mail:fcgwssb@gmail.com

એસ.જી.પટેલ
નાણાં નિયંત્રક

પરિપત્ર ક્રમાંક: એબી/સી.મે.૧-૨/ GST-TDS/ફા.નં.-૫૦/પરિપત્ર-૨/3૯૦ તા.૫/૧૦/૨૦૧૮

પ્રતિ,

(૧) મુખ્ય ઇજનેરશ્રી ઝોન - ૧-૨-૩-૪-૫ / વડોદરા,અમદાવાદ,રાજકોટ, ભુજ,જુનાગઢ

(૨) નિયામકશ્રી, જલ સેવા તાલીમ સંસ્થા, ગાંધીનગર.

(3) કાર્યપાલક ઇજનેરશ્રી (યાંત્રિક), જા.આ.યાં સ્ટોર વિભાગ, ગાંધીનગર.

વિષય:- સરકારશ્રી દ્વારા તા.૦૧/૧૦/૨૦૧૮ થી અમલી બનાવવામાં આવેલ GST-TDS અન્વયે સર્વ સામાન્ય સ્પષ્ટતાઓ.

સંદર્ભ:- (૧) અત્રેના પરિપત્ર ક્રમાંક એબી/સી.મે.૧-૨/GST TDS/ફા.નં-૫૦/3૭૮, તા.૨૮/૦૯/૨૦૧૮

<u>પ્રસ્તાવના</u>

તા.૦૧/૧૦/૨૦૧૮ થી અમલી બનાવવામાં આવેલ GST-TDS (Tax Deduction at Source) અન્વયે અત્રેના સંદર્ભ (૧) પ્રમાણેના પરિપત્રથી સૂચનાઓ આપવામાં આવેલ છે. આ અનુસંધાને બોર્ડની વિવિધ કચેરીઓ કક્ષાએથી પ્રશ્નો રજૂ થયેલ છે, જે લક્ષમાં લઈ, એક સામાન્ય FAQ ની રચના કરવામાં આવેલ છે.

આ FAQ ને Central Board of Indirect Taxes and Custom ની website પર ઉપલબ્ધ Standard Operating Procedure – TDS under GST - A ready reckoner for DDOs / other Deductors in GST- Law Committee GST Council 28 th September 2018(Power Point Presentation) ની વિગતો નિગાહે લઈ તૈયાર કરવામાં આવેલ છે. આ website ની Link નીચે મુજબ છે :-

http://www.cbic.gov.in/resources//htdocs-cbec/gst/28092018_SOP_ON_TDS.pdf;jsessionid=461494D34338A194686340549DCD4EB8

**FAQ**

ઉપરોક્ત વિગતોને આધિન તૈયાર કરવામાં આવેલ **FAQ** નીચે મુજબ છે.

ગુ.પા.પુ.અને ગ.વ્ય. બોર્ડની કામગીરી સંદર્ભે GST TDS અન્વયે વિવિધ સ્પષ્ટતાઓ

| | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| ૧ | ટીડીએસ ઓન જીએસટી શું છે ? બોર્ડને કઈ રીતે લાગુ પડે? | (૧) કોઇ પણ પ્રકારની ચૂકવણી કરતી વખતે ચૂકવણીની રકમમાંથી કરવામાં આવતી કપાતને મૂળ સ્થાનેથી કર કપાત -Tax Deducted at Source(TDS) કહેવામાં આવે છે. આ રીતે કરેલ કપાત નિયત સમયમર્યાદામાં સરકારમાં જમા કરાવવાની રહે છે.<br>(૨) જીએસટી કાયદા ની કલમ-૫૧ મુજબ સરકારી ખાતું, લોકલ ઓથોરીટી, બોર્ડ, નિગમ કોર્પોરેશન, વિગેરે દ્વારા ટેન્ડરથી કરાવેલ કામ, ખરીદી અથવા અન્ય સ્વરૂપે મેળવેલ માલ અને સેવાઓ અંગે ચૂકવણી કરતી વખતે ચૂકવણીની રકમમાંથી નિયત દરે જીએસટી પેટે કપાત કરવાની રહે છે. આ કપાતને જીએસટી ટીડીએસ-GST TDS કહે છે. |
| ૨ | ટીડીએસ ઓન જીએસટી આવવાથી આપણા બીલોમાંથી કરવાની થતી અન્ય કપાતો જેવીકે ઇન્કમ ટેક્ષ, લેબર સેસ , એસડી, વગેરે જેમ છે એમ ચાલુ જ રાખવાની? | (૧) હા. જીએસટી ટીડીએસ આવવાથી અન્ય કપાત પર કોઈ ફર્ક પડતો નથી અને તે યથાવત ધોરણે ચાલુ રહે છે. |
| 3 | GST TDS ની કપાત માટે કઈ રકમ ધ્યાને લેવાની રહે? મૂળ રકમ કે પાર્ટીના બીલની ટેક્ષ સહીતની રકમ ધ્યાને લેવી? | GST TDS ની કપાત માટે બીલની મૂળ રકમ ધ્યાને લેવાની રહે. આ બાબત નીચેના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરેલ છે:<br>બીલની મૂળ રકમ : રૂ.૧૦૦/-<br>+ બીલમાં પાર્ટીએ લગાવેલ GST(૧૨%) રૂ. ૧૨/-<br>બીલની કુલ રકમ રૂ.૧૧૨/-<br>*કપાતની વિગત* :<br>ઇન્કમ ટેક્ષ (ટીડીએસ)૨ ટકા(૧૦૦ રૂ. ઉપર) રૂ.૨/-<br>GST TDS ૨ ટકા(૧૦૦ રૂ. ઉપર) રૂ.૨/-<br>લેબર સેસ ૧ ટકા (૧૦૦ રૂ. ઉપર) રૂ.૧/- |

| | | |
|---|---|---|
| ૪ | GST TDS કપાત ક્યા સંજોગોમાં કરવાપાત્ર નથી? | GST TDS નીચેના સંજોગોમાં કરવાપાત્ર થશે નહી :-<br>(૧) પૂરી પાડવામાં આવેલ વેરાપાત્ર માલ કે સેવાની કરારની કિંમત રૂ. ૨,૫૦,૦૦૦/- થી ઓછી હોય.<br>(૨) પૂરી પાડવામાં આવેલ માલ કે સેવાની ને GST લાગુ ન પડતો હોય અથવા તો NIL Rate લાગુ પડતો હોય. દા.ત. બોર્ડના કિસ્સામાં જે Pure Service પર GST નો NIL Rate લાગુ પડે છે, જેની ચૂકવણી કરતી વખતે કોઇ GST TDS કાપવાપાત્ર થાય નહી. આવી Pure Service માટે બોર્ડનો અગાઉનો તે અંગેનો પરિપત્ર ધ્યાને લેવો. આ મુજબ જ જે મટીરીયલ પર GST લાગુ ન પડતો હોય તો તેની ચૂકવણીમાંથી પણ GST TDS કાપવાપાત્ર નથી.<br>(3) સપ્લાયર દ્વારા આપવામાં આવેલ Invoice પર તા. ૦૧/૦૭/૨૦૧૭ પહેલાના VAT નિયમો મુજબ TDS કરવાપાત્ર હોય પરંતુ આવા Invoice ની ચૂકવણી તા. ૦૧/૦૭/૨૦૧૭ પછી કરવામાં આવતી હોય ત્યારે GST TDS કાપવાપાત્ર નથી.<br>(3) જો Invoice તા. ૦૧/૧૦/૨૦૧૮ ની પહેલાની તારીખનું હોય ત્યારે GST TDS કાપવાપાત્ર નથી.<br>(૪) જ્યારે ચૂકવણી કોઇ Un Registered Supplier ને કરવામાં આવતી હોય(એટલે કે સામી પાર્ટીએ GST No. ન લીધેલ હોય) ત્યારે GST TDS કાપવાપાત્ર નથી. આવા કિસ્સામાં એજન્સી પાસેથી ૧૦૦/- રૂ. ના સ્ટેમ્પ પેપર પર બાંહેધરી લેવાનું અત્રેથી સૂચન છે. આ બાંહેધરી એવા પ્રકારની લેવી કે જેમાં કે તેઓ વીસ લાખથી નીચે નાણાકીય ટર્નઓવર ધરાવે છે અને તેઓને જીએસટી નમ્બર લેવાની જરૂરિયાત નથી અને ભવિષ્યમાં આ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.<br>(૫) જ્યારે માલ કે સેવા મેળવનાર જે રાજ્યમાં GST No. ધરાવતો હોય તે સિવાયના અન્ય કોઇ રાજ્યમાં તેને માલ કે સેવા પૂરી પાડવામાં આવે ત્યારે GST TDS કાપવાપાત્ર નથી. આ બાબતે વડિ કચેરીના તા.૨૮/૦૯/૨૦૧૮ ના પરિપત્ર નં. એબી/સી.મે.૧-૨/ GST TDS/ફા.નં-૫૦/3૭૮ ના મુદ્દા નં.-૨(ક) ની સૂચનાઓ લક્ષમાં લેવી.<br>(૬) જ્યારે માલ કે સેવાઓ તા.30/૦૯/૨૦૧૮ પહેલા પૂરી પાડવામાં આવેલ હોય પરંતુ તેની ચૂકવણી તા. ૦૧/૧૦/૨૦૧૮ પછી કરવામાં આવતી હોય. આ જોગવાઇ મુજબ જે કિસ્સામાં Measurement Book ની Record Date તા.30/૦૯/૨૦૧૮ પહેલાની હોય અને તેની ચૂકવણી તા. ૦૧/૧૦/૨૦૧૮ પછી કરવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં GST TDS કાપવાપાત્ર થશે નહી. |